## સંક્ષિપ્ત સમાચાર

### વેલ્દાની સીમમાં બે કાર વચ્ચે અકસ્માત



કુકરમુંડા: નિઝરના વેલ્દામાં ગતરોજ રાત્રે અર્ટિગા કાર નં.(GJ-26-AK-1290) અને વેગનઆર કાર નં.(DL-01-CU-7594) વચ્ચે જોરદાર ટક્કર થતાં બંને કારને મોટું નુકસાન થયું હતું. અર્ટિગા કારમાં સવાર લોકો નંદુરબારના હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે વેગનઆર કારમાં સવાર લોકો દિલ્હી તરફના હોવાનું જાણવા મળ્યું છે. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

### અસ્તાનમાં ટ્રેન અડફેટે ચલથાણના વિદ્યાર્થીનું મોત

બારડોલી: બારડોલી નજીકથી પસાર થતી તાપ્તી રેલવે લાઇન પર આજે બપોરના સમયે અસ્તાન કન્યા વિદ્યાલય સામેના રેલવે ટ્રેક પર સુરત તરફ જતી હિસ્સાર વીકલી એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવતાં બારડોલી કોલેજમાં અભ્યાસ કરતા એક ૧૮ વર્ષીય વિદ્યાર્થીનું મોત નીપજ્યું હતું. સુરત ડિવિઝન રેલવે પોલીસની બારડોલી આઉટ પોસ્ટ પાસેથી મળતી માહિતી મુજબ મૃતક યુવાનની ઓળખ મયૂર રમેશભાઈ નાયકા તરીકે થઈ છે. મયૂર ચલથાણ નજીક આવેલા વાંકાનેડા ગામના હળપતિવાસમાં રહેતો હતો અને બારડોલી કોલેજમાં ટી.વાય. બી.એ. (T.Y. B.A.) માં અભ્યાસ કરતો હતો. અકસ્માતની જાણ થતાં જ બારડોલી રેલવે પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો મેળવ્યો હતો.

### કામરેજમાં બ્રાન્ડેડના નામે ડુપ્લિકેટ સ્ટવનું વેચાણ

કામરેજ: કામરેજ ગામના સૃષ્ટિ કોમ્પ્લેક્સમાં આવેલી સાંવરિયા સ્ટીલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ દુકાનમાં બજાજ કંપનીની ડુપ્લિકેટ હોમ અપ્લાયન્સ પ્રોડક્ટ્સનું વેચાણ થતું હોવાની વિગતો સામે આવી છે. અમદાવાદની સ્પીડ સર્ચ એન્ડ સિક્યુરિટી નેટવર્ક કંપનીને મળેલી ચોક્કસ બાતમીના આધારે કામરેજ પોલીસે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન દુકાનમાંથી બજાજ કંપનીના માર્કાવાળા 3 નકલી ડીઝલ સ્ટવ મળી આવ્યા હતા. પોલીસે દુકાન ચલાવતા ખોલવડ રહેતા અને મૂળ રાજસ્થાનના શિવલાલ બાલુરામ કુમાવત (ઉં.વ.૨૪) અને તેના નાના ભાઈ મનોહરલાલ કુમાવત વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### સોનગઢ બ્રિજ પાસે ટેમ્પો અડફેટે મહિલાનું મોત



સોનગઢ: સોનગઢ ને.હા. પર નવાપુર સાઈડથી પૂરઝડપે આવી રહેલા ટેમ્પો ચાલકે બેફામ ડ્રાઇવિંગ કરી મોપેડને અડફેટે લીધી હતી. આ દુર્ઘટનામાં મોપેડ સવાર બરડીપાડાનાં અરવિંદાબેન ખંડુભાઈ ગામીતનું મોત થયું હતું. જ્યારે તેમના પતિ ખંડુભાઈને ગંભીર ઈજા પહોંચતાં તેમને સોનગઢ સરકારી હોસ્પિટલથી વધુ સારવાર અર્થે વ્યારા રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ટેમ્પો નં.(RJ 21 GI 4142)ના ચાલકે ઓવરટેક કરવાની ઘેલછામાં આગળ જઈ રહેલા મોપેડ નં.(GJ 26 AG 1735)ને ટક્કર મારી હતી. અકસ્માત સર્જનાર ટેમ્પો ગેરકાયદે પશુ હેરાફેરી કરતો હોવાની પ્રબળ આશંકા સ્થાનિક લોકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો તરત જ સ્થળ પર પહોંચી ગયો હતો અને ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરાવી મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

### તાપી કલેક્ટર સોનગઢ અને ઉચ્છલ તાલુકાની મુલાકાતે



વ્યારા: તાપી કલેક્ટર દેવ ચૌધરીએ જિલ્લામાં ચાલી રહેલાં વિકાસકામો, આરોગ્ય, શિક્ષણ અને મહેસૂલી કામગીરીની પ્રત્યક્ષ જાણકારી મેળવવા માટે બુધવારે સોનગઢ અને ઉચ્છલ તાલુકાના વિવિધ વિસ્તારોની મુલાકાત લીધી હતી. દરમિયાન તેમણે વિવિધ ગ્રામ પંચાયતોની સ્થાનિક કામગીરીનું નિરીક્ષણ કરી સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કલેક્ટર દેવ ચૌધરીએ સોનગઢના ખરસી ખાતે પ્રાથમિક આરોગ્ય સબ સેન્ટરની મુલાકાત લઈ આરોગ્ય કેન્દ્રની પ્રવૃત્તિઓ અને ગ્રામજનોને મળતી સ્વાસ્થ્ય સુવિધાઓની ચકાસણી કરી સંબંધિત સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ સોનગઢના બેડપાડા ખાતે પહોંચી તેમણે તલાટી સામાન્ય દફતરની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને રેકોર્ડની જાળવણી સુચારૂ રીતે કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત કલેક્ટરે ઉચ્છલના થુટી ખાતે ઉદવહન સિંચાઈ યોજનાની મુલાકાત લીધી હતી. તેમજ ઉચ્છલના આનંદપુર ખાતે તલાટી દફતરની તપાસણી કરી હતી.

### છમુછલ નજીક ટ્રકને અકસ્માત, ડ્રમમાંથી દારૂની બોટલો મળી



ઈબ્રાહીમ કાનુ

હથોડા: પાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના છમુછલ ગામ નજીક એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થતી ટ્રક નં.(GJ 16 Z 2025)નો અન્ય એક વાહન સાથે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતાં જ ટ્રકમાં ભરેલા ડ્રમમાંથી મોટો દારૂનો જથ્થો છતો થઈ ગયો હતો. રસ્તા પર દારૂ જોઈને સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા. ઘટના અંગે પાલોદ પોલીસને જાણ કરાતાં લોકો દારૂ લૂંટી જાય તે પહેલાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સ્થળ પરથી રૂ.4,71,000ની કિંમતનો ઈંગ્લિશ દારૂ અને ટ્રકનો કબજો મેળવ્યો હતો. આ મામલે પાલોદ પોલીસે ટ્રક ચાલક, દારૂ મોકલનાર તેમજ મંગાવનાર ઈસમો સામે ગુનો નોંધી તમામ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

### બિરલા પબ્લિક સ્કૂલનું ગૌરવ




ઈબ્રાહીમ કાનુ

હથોડા: ધોરણ-12ની સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં 96% મેળવવા બદલ બિરલા પબ્લિક સ્કૂલની વિદ્યાર્થિની મેઘના ટી.એસ.ને આદિત્ય બિરલા તરફથી પ્રતિષ્ઠિત ચેરમેન એવોર્ડ, મેરિટ સર્ટિફિકેટ તેમજ રૂપિયા એક લાખનું રોકડ ઇનામ આપવામાં આવ્યું હતું.

# ગંગાધરામાં પ્રદૂષણ સામે જનરોષ

**રેલવે** સ્ટેશન ખાતે સિમેન્ટના અનલોડિંગથી ઊડતી ડસ્ટના કારણે સ્થાનિકો હેરાન

**વારંવારની** રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય પગલાં ન લેવાતાં આક્રોશ




ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના ગંગાધરા રેલવે સ્ટેશન ખાતે માલગાડીઓમાંથી સિમેન્ટના રો-મટિરિયલ અને પાઉડરના અનલોડિંગ દરમિયાન મોટા પાયે ઊડતી ડસ્ટના કારણે સ્થાનિક વિસ્તારમાં ગંભીર વાયુ પ્રદૂષણની સમસ્યા સર્જાઈ છે. આ પ્રદૂષણથી ત્રસ્ત બનેલા વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ રેલવે સ્ટેશન ખાતે એકત્ર થઈ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને તંત્ર સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

ગંગાધરા રેલવે યાર્ડમાં નિયમોનું પાલન કર્યા વિના ચાલતી સિમેન્ટ લોડિંગ અને અનલોડિંગની કામગીરી તેમજ ઓવરલોડ વાહનોની અવરજવરને પગલે સમગ્ર વિસ્તારમાં સિમેન્ટની ઝીણી રજકણો હવામાં ફેલાઈ રહી છે. આ માર્ગ પરથી પસાર થતી શાળાઓના વિદ્યાર્થીઓ, રાહદારીઓ અને આસપાસના રહીશોને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા અને ફેફસાંની બીમારીઓ થવાનો ભય સતાવી રહ્યો છે. વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રદૂષણ નિયંત્રણ માટે કોઈ નક્કર પગલાં ન લેવાતાં આખરે વિદ્યાર્થીઓ સહિતના સ્થાનિકોએ રસ્તા પર ઊતરી વિરોધ પ્રદર્શન કરવાની ફરજ પડી હતી.

સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો રેલવે પ્રશાસન અને જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ ડસ્ટ પ્રદૂષણ રોકવા માટે પાણીનો છંટકાવ, કવરિંગ તથા અન્ય જરૂરી વ્યવસ્થા નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

# મનરેગામાં કામ બાદ પેમેન્ટ નહીં!



**ડેડિયાપાડા** અને ચિકદામાં રૂ. 3.68 કરોડના બાકી પેમેન્ટ માટે સરપંચ પરિષદની રજૂઆત

ચિકદા: ડેડિયાપાડા અને નવનિર્મિત ચિકદા તાલુકાની અનેક ગ્રામ પંચાયતોમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર ગેરંટી યોજના હેઠળ પૂર્ણ થયેલા અને પ્રગતિ હેઠળના મટિરિયલ વિકાસનાં કામોના બાકી પેમેન્ટને લઈ સરપંચ પરિષદ-ગુજરાત દ્વારા DDO અને ભરૂચ સાંસદ મનસુખ વસાવા સમક્ષ રજૂઆત કરવામાં આવી છે . સરપંચ પરિષદ નર્મદા જિલ્લાના અધ્યક્ષ કુંવરજીભાઈ અમરસિંગભાઈ વસાવા દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયું છે કે, વર્ષ 2025-26 દરમિયાન MGNREGA હેઠળ ઈ-ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેની ટેન્ડર અવધિ 31 માર્ચ-2026ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. ત્યારબાદ પણ ડેડિયાપાડા અને ચિકદા તાલુકાની અનેક ગ્રામ પંચાયતો દ્વારા માલસામાન સંબંધિત વિકાસનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. તેઓએ રજૂઆતમાં જણાવ્યું કે, ભાટપુર, બોગજ, ચુલી, ડેડિયાપાડા, ડમખલ, કુલસર, ઘાટોલી, કાબરીપઠાર, ખેડીપાડા, ખોખરાઉમર, મંડાળા, મોટા સુકાઆંબા, પાનુડા, રીહદા, સામરપાડા, સામોટ, સેજપુર, સોલિયા, સુકવાલ, તાબદા સહિતની ગ્રામ પંચાયતોમાં આંગણવાડી સહિતના વિવિધ કામો પૂર્ણ થયેલાં છે. કેટલીક આંગણવાડીઓ હાલમાં અલગ-અલગ તબક્કે પ્રગતિ હેઠળ હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

તેઓએ વધુમાં જણાવ્યું કે, વિવિધ મટિરિયલ વિકાસનાં કામોનું અંદાજે 3.68 કરોડથી વધુનું પેમેન્ટ બાકી છે. બાકી ચૂકવણી માટે ફરીથી ઈ-ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સરપંચ પરિષદે અન્ય જિલ્લામાં તાલુકા કક્ષાએ ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી હોવાનું જણાવી નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકામાં પણ આવી પ્રક્રિયા હાથ ધરી બાકી પેમેન્ટનો પ્રશ્ન ઉકેલવા જિલ્લા તંત્રને રજૂઆત કરી છે.

### ઓલપાડમાં આંકડાનો જુગાર રમાડતા એક ઝડપાયો



સાયણ: સુરત એલ.સી.બી. પોલીસે ઓલપાડ ટાઉનના ઢાંકણી ફળિયામાંથી મુંબઈના આંકડાનો જુગાર રમાડતા મહેન્દ્ર સોમાભાઈ રાણાને ઝડપી પાડ્યો હતો. બાતમીના આધારે પાડેલા દરોડામાં પોલીસે આરોપી પાસેથી રૂ.૧૫,૯૫૦ રોકડા અને જુગારનો સામાન જપ્ત કર્યો છે. પૂછપરછમાં ખુલાસો થયો કે, આ જુગારનું મુખ્ય સંચાલન ગોવિંદ મીઠાભાઈ બારૈયા કરી રહ્યો હતો, જે મહેન્દ્રને દૈનિક રોજ આપતો હતો. પોલીસે ગોવિંદ બારૈયાને વોન્ટેડ જાહેર કરી બંને સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો છે. હાલ કીમ પોલીસ મથકના પીઆઈ કે.એ.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

### મોતા ગામે યુવાનનું અગમ્ય કારણસર મોત

બારડોલી: બારડોલીના મોતાની આરાધના અંબેવેલીમાં એક ૪૦ વર્ષીય પરપ્રાંતીય યુવાનનું અગમ્ય કારણસર મોત નીપજ્યું હતું. આ બનાવમાં બારડોલી રૂરલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મૂળ ઉત્તરપ્રદેશના દેવરીયા અને હાલ મોતા ગામની આરાધના અંબેવેલીમાં મકાન નં.૩૯૫માં રહેતા વિજયકુમાર મહન્થ યાદવ (ઉં.વ.૪૦) ગત તા.૧૮ ઓગસ્ટના રોજ મકાન નં.૩૫૯ના બીજા નંબરના રૂમમાં નીચે સૂતા હતા. દરમિયાન બપોરે ૧૨ વાગ્યા પહેલાના સમયે અગમ્ય કારણસર તેમનું મોત નીપજ્યું હતું. આ બાબતે મરણ જનારની પત્ની રીમા દેવીએ બારડોલી રૂરલ પોલીસ મથકમાં જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

# ઉચ્છલના સેલુડ ગામમાં ગ્રાન્ટના દુરુપયોગની કલેક્ટરને રજૂઆત

**વિકાસનાં** કામોમાં અનિયમિતતા અને ભ્રષ્ટાચારના આક્ષેપો

**કાગળ** પર વિકાસ, પણ સ્થળ પર કામો ગાયબ હોવાની ફરિયાદ


વ્યારા: ઉચ્છલના સેલુડ ગામે શાળામાં અનિયમિતતા સહિત વિકાસનાં કામો માટેની ગ્રાન્ટનો દુરુપયોગ થતો હોવાની રાવ ઊઠી છે. જે મુદ્દે ઉચ્છલ તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ માયાબેન ગામીતે કલેક્ટરને લેખિત રજૂઆત કરી તપાસની માંગ કરી છે. તાપી કલેક્ટર દેવ ચૌધરી આનંદપુર ખાતે વિઝિટ માટે ગયા હતા. દરમિયાન ઉચ્છલ તા.પં.ના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષે સેલુડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં ચાલતી વિવિધ અનિયમિતતા અંગે ગંભીર મુદ્દાઓ ઉઠાવીને યોગ્ય તપાસની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર સેલુડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામોમાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની ભારે મુશ્કેલી ઊભી થાય છે, જેથી સરકાર દ્વારા ૨૦૨૧/૨૨માં મંજૂર થયેલી સજ્જલધારા યોજના અંગે આદિમજૂથ પરિવારને આવાસની રકમ ન મળવા અંગે અગાઉ તાલુકા વિકાસ અધિકારીને આપેલી અરજીના આધારે સ્થળ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

તેમજ પંચાયતના વહીવટમાં સભ્યોને વિશ્વાસમાં લીધા વગર કામગીરી થતી હોવા ઉપરાંત ગ્રામસભા તેમજ સામાન્ય સભામાં સભ્યોની અનાદર થતો હોવા બાબતે પણ કલેક્ટરનું ધ્યાન દોરી ગામમાં સરકાર દ્વારા વિકાસકામો માટે આપેલી ગ્રાન્ટનો દુરુપયોગ થતો હોવાની અને પંચાયતમાં વિકાસનાં કામો નજરે પડતા ન હોવાની ફરિયાદ સાથે સમગ્ર મામલે યોગ્ય તપાસ કરવા માટે રજૂઆત કરાઈ છે.

# માંડવીના વોર્ડ નં-1માં 3 દિવસથી ગટર મિશ્રિત પાણીનું વિતરણ

**રોગચાળો** વકરશે તો જવાબદાર કોણ?



હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરપાલિકાના લાપરવાહ વહીવટના કારણે વોર્ડ નં-૧માં આવેલી ડાહ્યાપાર્ક અને પી.એન. પાર્ક સોસાયટીના રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. સોસાયટીઓમાં છેલ્લા ત્રણ દિવસથી પીવાના પાણીની લાઈનમાં અસહ્ય દુર્ગંધયુક્ત અને ગટર જેવું કાળું પાણી આવી રહ્યું છે. પાલિકા દ્વારા દિવસમાં ત્રણ વખત અપાતું પાણી વાપરવા યોગ્ય ન હોવાથી સ્થાનિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

પ્રાથમિક તારણ મુજબ પીવાની મુખ્ય લાઈનમાં ગટરનું પાણી ભળી ગયું હોવાની આશંકા છે. સ્થાનિકો દ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં નિષ્ક્રિય પાલિકા તંત્ર ફોલ્ટ શોધવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

ગંદકીયુક્ત પાણીના વિતરણથી વિસ્તારમાં કમળો, કોલેરા અને ઝાડા-ઊલટી જેવા પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. પ્રજા પાસેથી નિયમિત વેરો વસૂલતું તંત્ર પીવાના શુદ્ધ પાણી જેવી પાયાની સુવિધા આપવામાં પણ પાંગળું સાબિત થયું છે. સ્થાનિકોમાં સત્તાધીશો સામે ભારે આક્રોશ ભભૂકી ઊઠ્યો છે અને યુદ્ધના ધોરણે ફોલ્ટ શોધી તાત્કાલિક શુદ્ધ પાણીનું વિતરણ શરૂ કરવામાં એવી માંગ ઊઠી છે.

### પલસાણામાં અકસ્માતના બનાવમાં આધેડનું મોત

પલસાણા: સુરતથી કડોદરા તરફ જતા માર્ગ પર અંત્રોલી ગેટ નં.૨ સામે ૫૫ વર્ષીય આરીફ અલી સૈયદ (રહે., શ્યામસંગીની કોમ્પ્લેક્સ, કડોદરા)એ પોતાની બાઈક નં.(GJ-05-LE-1302) પરથી કાબૂ ગુમાવતાં ગંભીર ઈજાઓ થઈ હતી. સિવિલ હોસ્પિટલ લઈ જતા તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.


**જાહેર નોટીસ** કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૩૦૨/૨૦૨૬
તા. ૦૮/૦૭/૨૦૨૬

**વાદી :-** જયેશભાઈ શામળભાઈ વસાવા,
રહે.મુ.પો.સીમોદરા, ભરવાડ ફળિયું,તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી :-** જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રામ .પં.,તા,અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

**વિષય-** જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(3) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જયેશભાઈ **શામળભાઈ વસાવા, રહે,મુ.પો.સીમોદરા, ભરવાડ ફળિયું, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૦૫** એ તેઓના પુત્રી પૂજાકુમારી જયેશભાઈ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.

૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: **પૂજાકુમારી જયેશભાઈ વસાવા**
૨. જન્મ તારીખ: **૨૫/૧૧/૨૦૦૫**
3. જન્મનું સ્થળ: **મોજે પાટણા, તા.અરેઠ, જી.સુરત**

સબબ, ઉપરોક્ત વિગતે **પૂજાકુમારી જયેશભાઈ વસાવા**ના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-30માં અથવા આ કામની સુનાવણી તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી. એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.આજ તા.૦૮/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી :- (કોર્ટનો સિક્કો)

(કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ
માંડવી પ્રાંત, જિ.સુરત


## સંક્ષિપ્ત સમાચાર

### રાણત ઉત્તર બુનિયાદી વિદ્યાલયનું ગૌરવ



બારડોલી: હળપતિ સેવા સંઘ બારડોલી સંચાલિત મહુવાના રાણત ગામ ખાતે આવેલી ઉત્તર બુનિયાદી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ SGFI શાળાકીય રમતોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તથા સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. શાળામાંથી કુલ ૩૫ જેટલા વિદ્યાર્થીએ દોડ, કૂદ અને ફેંક સહિતની વિવિધ એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯ વય જૂથમાં શાળાના ૩૦ ખેલાડીએ ઉત્કૃષ્ટ કૌશલ્ય દાખવી ૧૧ સ્પર્ધામાં પ્રથમ સ્થાન, ૪ સ્પર્ધાઓમાં દ્વિતીય સ્થાન તેમજ ૧૫ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરી તાલુકા કક્ષાએ શાળાનું નામ રોશન કર્યું છે. અંડર-૧૭ ખો-ખોમાં બહેનોની ટીમે પ્રથમ સ્થાન તથા અંડર-૧૭ ભાઈઓની ખો-ખો ટીમે પણ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જ્યારે અંડર-૧૯ ભાઈઓની ખો-ખો ટીમ રનર્સઅપ રહી હતી. વિદ્યાર્થીઓની આ ઝળહળતી સિદ્ધિ બદલ હળપતિ સેવા સંઘ બારડોલી સંસ્થાના પ્રમુખ પ્રકાશભાઈ એ. દેસાઈ, મંત્રી મનોજભાઈ બી. દેસાઈ તેમજ શાળાના આચાર્ય મુકેશભાઈ પી. મૈસુરિયા અને સમગ્ર શિક્ષક પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### મોસાલી પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદન

સુરત: સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત મોસાલી પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા અને નિવૃત્ત થનાર કવિતાબેન ચૌધરીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ સમયે મોસાલી ગામનાં સરપંચ સવિતાબેન વસાવા ડેપ્યુટી, સરપંચ બિલાલભાઈ પાંચભાયા, પંચાયત સભ્ય ચંદ્રવદન પરમાર, પ્રેરણા પઢીયાર, વેપારી મંડળના પ્રમુખ અસ્લમભાઈ માંજરા, વિદેશથી પધારેલા મહેમાનો, ગ્રામજનો, વાસંતીબેન વસાવા, પુષ્પાબેન પટેલ, શીલાબેન ચૌધરી, લલિતાબેન ગામીત, આશિષ ચૌધરી, તેજલ પટેલ, જયદીપ ચૌધરી, એસએમસી સભ્યો બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સાથે સાથે ગ્રામજનો દ્વારા આ શાળાના શિક્ષક ઇમરાનખાન પઠાણની સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યવાહક પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થતાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. માંગરોળ તાલુકા પંચાયત કચેરી ખાતે તા.પં. પ્રમુખ સંગીતાબેન ગામીતના હસ્તે ધ્વજ ફરકાવાયો હતો.

### ખોલવડનો એઝાઝ ડ્રગ્સના જથ્થા સાથે ઝડપાયો



હથોડા: સુરત જિલ્લા એસ.ઓ.જી. પોલીસે મોટી નરોલી હાઈવે નજીક એક ઈસમને મેફેડ્રોન ડ્રગ્સ સાથે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. પોલીસ કર્મચારી આસીફખાન પઠાણ અને ગીરીરાજસિંહને મળેલી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન મોટરસાઇકલ પર પસાર થતા એઝાઝ શેર અલી પઠાણ (ઉં.વ.૩૫) (રહે.,ખોલવડ, કામરેજ)ને અટકાવી તલાશી લેતાં તેની પાસેથી ૩.૪૫૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ અને રૂ.૫૬,૦૦૦ રોકડા મળી આવ્યા હતા. પોલીસે ડ્રગ્સ, રોકડ રકમ અને મોટરસાઇકલ મળી કુલ રૂ.૨,૨૧,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીની અટકાયત કરી છે. પ્રાથમિક પૂછપરછમાં ડ્રગ્સનો આ જથ્થો અંકલેશ્વરના શેરુ કુરેશીએ આપ્યો હોવાનું બહાર આવતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નિઝર-કુકરમુંડા વિસ્તારમાં GSRTC સબ ડેપોની માંગ



કુકરમુંડા: ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનોની પરિવહન સુવિધાને ધ્યાનમાં રાખી નવા GSRTC સબ-ડેપો શરૂ કરવાની માંગ સાથે ABVP તાપી દ્વારા સોનગઢ ડેપો મેનેજરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ABVP દ્વારા રજૂ કરાયેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકા મહારાષ્ટ્ર સરહદે આવેલા અંતરિયાળ તથા આદિવાસી વિસ્તારો છે. હાલ આ વિસ્તારોની બસ સેવા મુખ્યત્વે સોનગઢ ડેપો પરથી સંચાલિત થાય છે. સોનગઢથી નિઝર અને કુકરમુંડા જેવા વિસ્તારોનું અંતર આશરે 90થી 95 કિમી હોવાથી સ્થાનિક રૂટના સંચાલનમાં મુશ્કેલીઓ ઊભી થાય છે. આ વિસ્તારોમાં શાળા-કોલેજ, ITI, સરકારી કચેરીઓ તથા અન્ય શૈક્ષણિક અને વહીવટી સંસ્થાઓ આવેલી હોવાથી વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને સામાન્ય પ્રજાજનો માટે નિયમિત બસ સેવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. લાંબા અંતરના કારણે બસમાં યાંત્રિક ખામી, ડ્રાઇવર-કંડક્ટરની ગેરહાજરી અથવા અન્ય કારણોસર સ્થાનિક બસ શિડ્યુલ ખોરવાતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ABVPએ માંગ કરી છે કે નિઝર-કુકરમુંડા વિસ્તારને આવરી લે તેવા યોગ્ય સ્થળે શરૂઆતમાં મર્યાદિત બસો અને ઓછા શિડ્યુલ સાથે GSRTC સબ-ડેપો શરૂ કરવામાં આવે. ત્યારબાદ મુસાફરોની સંખ્યા, બસ કિલોમીટર, રૂટની જરૂરિયાત અને શૈક્ષણિક સંસ્થાઓને ધ્યાનમાં રાખી આ સબ-ડેપોને ભવિષ્યમાં સંપૂર્ણ ડેપોમાં વિકસાવવામાં આવે.

### વ્યારામાં ફૂટપાથ પર પાર્ક કરેલી બાઈક ચોરાઈ

વ્યારા: વ્યારાના દાદરી ફળિયામાં રહેતા 30 વર્ષીય ધવલભાઈ રાઠોડ ગત ૧૫ ઓગસ્ટે બાઇક નં.(GJ 05 FV 1419) મનકામેશ્વર મહાદેવ મંદિર પાસે ફૂટપાથ પર પાર્ક કરી રિવર ફ્રન્ટ તરફ ગયા હતા. દરમિયાન કોઈ અજાણ્યો બાઈક ચોરી ફરાર થઈ ગયો હતો. આ અંગે વ્યારા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી છે.

### પીપોદરામાં બાઈક અડફેટે એકનું મોત

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાં પગપાળા ચાલી રહેલા શ્રમજીવી જુવાન સંજય કુમાર બલ્લી રજકને મોટરસાઇકલ ચાલકે અડફેટે લીધો હતો. જેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ બનાવ અંગે પાલોદ પોલીસ મથકના મહેશ જમાદારે વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી

Spider-Man: Brand New Day-2D - 12:00pm

Awarapan 2
11:00am, 01:00pm, 03:00pm, 05:00pm, 07:00pm 09:00pm,10:00pm

Batwara 1947
10:00am, 02:00pm, 04:00pm, 06:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333